શ્રીવલ્લભઃ

ભક્તશિરોમણિ

પદ્મનાભદાસજી.

લેખક

કવિ પુરૂષોત્તમદાસ ત્રિભોવનદાસ

કીંમત ૦-૧-૩

શ્રીવલ્લભઃ

ભક્તશિરોમણિ

પદ્મનાભદાસજી.

લેખક :

કવિ પુરૂષોત્તમદાસ ત્રિભોવનદાસ

પ્રકાશક :

મંત્રી, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મહાસભા–અમદાવાદ.

પ્રથમાવૃત્તિ સર્વ હક્ક સ્વાધિન પ્રત ૨૦૦૦

સંવત ૧૯૮૫ વલ્લભાબ્દ ૪૫૧

કીંમત ૦–૧–૩

શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મહાસભા અમદાવાદ તરફથી પ્રકાશિત પુસ્તકો નીચે પ્રમાણે મળશે.

૧ તત્ત્વદીપ નિબંધ ભા. ૧ (સંસ્થાન) અંગ્રેજી નોટ્સ. By. J. G. Shah. M. A. ... ... ૦—૮—૦

૨ શુદ્ધાદ્વૈત માર્તણ્ડ (અંગ્રેજી) By. „ ૦—૬—૦

૩ અણુભાષ્ય ભા. ૨. (ગુજરાતી) „ ૩—૦—૦

૪ શુદ્ધાદ્વૈતપ્રભા (હવેથી) ગુજરાતીમાં શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તને સમજાવનારો નિબંધ. ... ... ૦—૮—૦

૫ દયારામ ન્હા. દ. કવિકૃત ... ... ૦—૧—૦

૬ પદ્મનાભદાસનું આખ્યાન પુરુષોત્તમ કવિકૃત ... ૦—૧—૩

૭ ઝાલા વેદાન્ત પ્રાઇઝ નિબંધ M. T. TELIWALA B. A. L. L. B. ... ... ૦—૧૨—૦

સામટાં પુસ્તકો લેનારને ૧૨ાા ટકા કમીશન આપવામાં આવશે.

લખો. **જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ એમ. એ.**
મંત્રી, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મહાસભા. **માંડવીપોળમાં** શેઠની પોળ પીપળાવાળો ખાંચો—**અમદાવાદ.**

સાંપ્રદાયિક પુસ્તકો જુનાં તથા નવાં ક્યાં મળશે ?

નડીઆદ શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયમાંથી સાંપ્રદાયિક તમામ સંસ્કૃત, વ્રજભાષા ગુજરાતી તથા અંગ્રેજી પુસ્તકો યોગ્ય-ન્યોછાવરથી મળી શકશે.

લખો.
મંત્રી, **શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય**
નડીઆદ **(ગુજરાત.)**

श्री त्रिभुवनवंद्यानंद जगद्गुरु श्री वल्लभाचार्यजी.



प्राकट्यम १५३५ चैत्र कृ. ११. तिरोधानम १५८७ आषाढ सु. ३.

श्री वैष्णव युवक मंडल, श्री ... अमदावाद.

श्री ... प्रि. प्रेस, अमदावाद

॥ श्री श्याममनोहरोजयति ॥

॥ श्री व्रजनाथोजयति ॥

આખ્યાન પરિચય.

विवेक बुद्धि शुन्योऽहं सद्धर्माच्च बहिर्मुखः ।
तथापि तवदासोऽहं सदा मे हृदिस्थीयताम् ॥

अनन्यया भक्त्या तुष्यति એ ઉક્તિસ્મરણમાં આવતાંજ ક્યા સહૃદયી વૈષ્ણવના હૃદયમાં મન્થન શરૂ નહિ થાય ? આ મન્થનકાળ વાતો કર્યે નહિ પણ કરણીથી પ્રાપ્ત થાય છે. આ આખ્યાન તેમજ સાંપ્રદાયિક બીજા પ્રસંગો તેની સાક્ષ્ય પૂરે છે.

આખ્યાનમાં લક્ષણ કેવાં હોવાં જોઇએ તે સંબંધીનું વિવેચન મ્હારી પહેલાંની ત્રણેય ઉપોદ્ઘાતમાં હોવાથી અત્રે તેનું પિષ્ટપેષણ કરતો નથીજ, પણ આખ્યાનની મુખ્ય સફળતા આખ્યાન કર્તાની બોલનશૈલી ઉપર છે એનો મ્હારે જણાવવુંજ જોઇએ. આ આખ્યાન તે માટે મોજુદ છે.

ગ્રીક તેમજ રોમન લોકોમાં જ્યારે લેખનકળા પછાત હતી તે વખતે જ્ઞાન તથા બીજાં આવશ્યક કાર્યો "Lectures" વ્યાખ્યાનો દ્વારા થતાં, અને જે અસર વાંચવાથી ન થાય તે અસર તે વખતની જનતાને સાંભળવાથી થતી. cf. Mark Antony's Speech. આપણો પુરાણી વર્ગ તથા શાસ્ત્રીય વર્ગ આ પ્રથાનેજ અનુસરે છે. હાલનો વીસમીસદીનો જમાનોય તે પ્રથાનેજ માન આપે છે. cf. મહાત્માજી તેમજ અન્ય દેશનેતાઓનાં વ્યાખ્યાનો.

સ્વમાર્ગમાં પણ પહેલાં એજ પ્રથા હતી. હાલમાંજ તે ઉપરાંત વાંચવા ઉપર જનતા દોરાય છે. રાજદરબારમાં જઈ મહાભારતની

કથા કહી વીરરસ ઉત્પન્ન કરાવે એવાજ નેતાઓની જરૂર છે; વળી સંપ્રદાયમાં પણ ભક્તિરસ ઉત્પન કરાવે ને તે દ્વારા પરમફલની પ્રાપ્તિનો માર્ગ સૂચવનારા વૈષ્ણવોની જ જરૂર છે. જો આમ થાય તોજ લોકોનાં મન લૌકીક સુખને માટે વળ્યાં છે તે પુનઃ અલૌકીક સુખમાટે પ્રયત્ન કરતાં થાય.

શ્રીમદ્‌ભાગવતની સમાહ તથા પારાયણ કરનારાઓને આ એક નમ્ર સૂચન છે. શાસ્ત્રીય વર્ગજ આ કાર્ય કરે છે. वृत्त्यर्थं नैव युञ्जीत प्राणैः कंठगतैरपि એ નિબંધની આજ્ઞા પાળનારા કેટલાક શાસ્ત્રીઓ હશેજ. મ્હેં પણ એક શાસ્ત્રીને તેવાજ જોયા છે. ધન્ય છે તે ભગવદીયને કે શાસ્ત્ર જ્ઞાન સાથે ભગવદ્‌ભાવ સ્ફૂર્યો છે. આવાં નિસ્પૃહ પારાયણથી પ્રભુપ્રાપ્તિ વહેલી થાય અને જનતા પણ આકર્ષાય. આ વસ્તુનો સચોટ દાખલો બેસાડવાને માટેજ જાણે કે, પ્રોફેસર જેઠાલાલે ગયા પુરૂષોત્તમ માસમાં શ્રી સુબોધિનીજીનું વાચન કર્યું હતું.

મહાનુભાવી પદ્મનાભદાસજીનું વૃત્તાંત આખ્યાનમાંજ છે. પણ તેમાંથી નીચેની તારવણી વાંચવી જરૂરની છેઃ—

(૧) गुणाःपूजास्थानं गुणिषु नचलिङ्गं नच वयः।

પોતાની દીકરીના વિવાહ માટે વૈષ્ણવત્વજ જોયું. જ્ઞાતિ જોઈ નહિ.

(૨) દેવું કરી ધર્મ રાખવોજ નહિ. આનો વિસ્તૃત પ્રસંગ મ્હારી શ્રી વલ્લભચરિત્રની ઉપોદ્‌ઘાતમાં છે.

(૩) ગુરૂના ઘરની—असमर्पित વસ્તુ લેવી નહિ; અને ભગવત્સેવામાં જે કાંઇ મળી આવે તેથી तथैव तस्य लीला માની નિર્વાહ કરવો; કારણ કે "પ્રભુ તો ભાવના ભોગી".

(૪) સ્વામીના સુખનોજ વિચાર કરવો એજ સેવકનો ધર્મ હોઇ શકે. રામદાસજીના સેવ્ય શ્રી મદનમોહનજીને જ્યારે મોગલબાદશાહ લઈ

ગયો ત્યારે પોતે ન આરોગે ને સેવકે પણ નજ ખાવું જોઇએ એમ માનીનેજ અનશન વ્રત ધારણ કર્યું હતું.

(૫) ભરણપોષણ માટે શ્રીમદ્‌ભાગવતની કથા કહેવી નહિ.

(૬) ગુરૂની આજ્ઞાનો કોઈ દિવસ અનાદર કરવો નહિ.

પદ્મનાભદાસ એવા મહાન ભગવદીય હતા કે તેમની સરાહના શ્રી ઠાકોરજી શ્રીમુખથી કરતા, અને શ્રી ગોસાંઇજી પણ **पद्मनाभदासकी संतति एसी हि चहिये** એમ કહી તેમના કુટુંબની સરાહના કરતા. એ મહાન ભગવદીયની રીતિએ રંચક માત્ર પણ અનુસરાય તોજ આ આખ્યાનની સફળતા લેખાય.

શ્રી મથુરેશજી શ્રી ગોકુળચંદ્રમાજીની જેમ શ્રી યમુનાજીમાંથી પ્રકટ થયા છે. શ્રીમદ્‌ગોકુલની સામે આરે ત્રણ માઇલ દૂર કરણાવલ ગામમાં શ્રી યમુનાજીના કિનારાની ભેખડમાંથી પ્રગટ થયા છે.

આ શ્રી મથુરેશજીની સેવા માટે તો ઘણાય ફાંફાં મારે પણ મંદીરની ભુલારી કરવાનું સૌભાગ્ય પણ ક્યાંથી પ્રાપ્ત થાય! વાહ શ્રી વલ્લભકુલ હદ થઇ. આક્ષેપ કરનારાઓના મુખ ઉપર મેશ ચોપડવા જેવુંજ થાય. ગોસ્વામી શ્રી૧૦૮ શ્રી રણછોડલાલજી મહારાજશ્રીનું તો નામ ઘણાયે સાંભળ્યુંજ હશે. મંદીરની બધી સેવા તેઓશ્રી તથા તેઓશ્રીનાં વહુજી કરતાં. મુખ્યાજી તેમના સમયમાં એક પરિચારકજ હતા. જ્યારે પોતે લીલામાં પધાર્યા ત્યારે પંડીત ગોકુલદાસ મુખ્યાજી જે પણ મહાનુભાવી છે તેમને આજ્ઞા કરી કે હવે તમને સેવા સોંપું છું. ત્હારૂં ભાગ્ય ઉઘડયું. એમ વચનામૃત કરી ઉપરણો ઓરાડયો. હાલમાં પણ એઓશ્રીનાં વહુજી ઘણી ખરી સેવા કરે છે. આ સ્વરૂપ હાલમાં ગો. શ્રી૧૦૮ શ્રીદ્વારિકેશલાલજી મહારાજશ્રીને માથે બીરાજે છે.

શ્રી મથુરેશજી બહુજ ઉત્તમ પ્રકારની સામગ્રી આરોગે છે. ઠોરનો માટે તો કહેવતજ રહી ગઈ. કોઈએ એમ જણાવ્યું કે શ્રીનાથજીના ઠોર કરતાં શ્રી મથુરેશજીનો ઠોર ઉત્તમ થાય છે. આ વાત મહારાજશ્રીને ખબર પડી એટલે શ્રીનાથજીની અધિકતા સ્વીકારી એક બાજુએજ ચાસણીથી ઠોરને પાવો એમ આજ્ઞા કરી. મઠો પણ બહુજ સુંદર રીતે આરોગે છે. શ્રીની સેવામાં બહુજ સાવધાનતા રાખવામાં આવે છે.

અંતમાં શ્રી બાલકૃષ્ણ ચરણાનુરાગી શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજોના શ્રીહસ્તમાં તથા વૈષ્ણવોના હાથમાં લેખકની મહત્ત્વાકાંક્ષાઓ પૂર્ણ કરવા આ આખ્યાન સમર્પું છું. લી.

યમદ્વિતીયા
૧૯૮૫

દાસાનુદાસ,
મણીલાલ ત્રીભુવનદાસ ગાંધી.
ના ભગવત્સ્મરણ.

શ્રીવલ્લભઃ

ભક્તશિરોમણિ પદ્મનાભદાસજી

મંગલાચરણ:—

शङ्खचक्र गदाधारी श्रीमथुराधीशः प्रभुः ।
करुणग्राम नदीकूलात्स्वयं प्रादुर्बभूव यः ॥ १ ॥
पद्मनाभमनःकामं पूरयिता तनुरूपधृत् ।
पातु नोऽसंख्यान् जीवान् केवलं कृपया तया ॥२॥

વલ્લભ કૃષ્ણ હરિ ભજ મન વલ્લભ કૃષ્ણ હરિ,
કૃપા કરી અવનીએ આવ્યા, ભગવદ રૂપ ધરી.—ભજ મન.
સહજ સ્નેહથી સેવો સર્વદા, ભજનાનંદે ભળી.—ભજ મન.
નિઃસાધન ઉદ્ધારક પ્રભુએ, પાએ લાગો લળી.—ભજ મન.

ધુનઃ—જય જય મથુરેશ મનમોહન,
ચારી વૃંદાવનમાં ગોધન.

કનોજવાસી બ્રાહ્મણ, શ્રીમદ્ ભાગવત નિશદિન ભણતો,
ભગવદ્ રૂપ સમજીને, સદાસર્વદા સેવા એ કરતો.

કાન્યકુબ્જમાં એક કનોજીયા બ્રાહ્મણ કુટુંબ રહેતું. તેમને ત્યાં પરંપરાથી પ્રાપ્ત શ્રીમદ્‌ભાગવતનું હસ્તલિખિત પુસ્તક બિરાજતું જે ભાગવત

વિશ્વે રૂડી આ કુંજમાં, ગાયત્રી બીજ રોપણ થયું,
ફાલી ફૂલી તેનુંય ખીલી વેદ વૃક્ષજ ઊગીયું;
શ્રુતિ સ્મૃતિ પલ્લવ લતા, પુરાણ પુષ્પ પ્રફુલ્લિયાં,
શ્રીભાગવત ફળ મોક્ષદા તેને મધુ મધુરાં ફળ્યાં.

સર્વ શાસ્ત્રમાં શ્રેષ્ઠ અને સર્વમાન્ય શ્રીમદ્ ભાગવત્ ને પધરાવવા માટે સુન્દર મંદિર બંધાવી, સિંહાસન ઉપર પધરાવી, નિત્ય નિયમપૂર્વક તેમાં અડગ શ્રદ્ધા રાખી, ભોગ ધરી, બે વખત આર્તિ ઉતારી, પોતાના દિવસો આનંદમાં વ્યતિત કરતા. તેમની ન્યાતમાં તે કુટુંબ ઉચ્ચ ગણાતું, પણ તે નિઃસંતાન હતાં તેટલું જ માત્ર દુઃખ હતું; તેથી તેઓ હમેશ સચિંત રહેતાં. મનુષ્ય માત્રને બે પ્રકારનાં ઋણ હોય છે; જે કે દેવઋણ અને પિતૃઋણ. પ્રભુભક્તિથી દેવઋણ અને પુત્ર પ્રાપ્તિથી પિતૃ ઋણ અદા કરાય છે. તેઓ હજુ સુધી પિતૃઋણમાંથી મુક્ત થયા નહોતાં. એક દિવસે તે પતિપત્નીએ યાત્રાએ જવાનો વિચાર કર્યો. તેઓ બન્ને અયોધ્યા નજીક આવેલા નૈમિષારણ્ય તરફ ગયાં ત્યાં સુન્દર સ્થાન જોઇને મુકામ કર્યો, અત્યંત પરિશ્રમને લઇને તેઓ બન્ને જા

સુખે સુતાં કે તરતજ નિદ્રાવશ થઈ ગયાં તેઓને સ્વપ્નમાં ભગવદ્ આજ્ઞા થઈ કેઃ—

સાત દિવસની સમાહ કરજે, ધરજે નંદકુંવરનું ધ્યાન,
ઉપવાસ કરીને બન્ને જણ, કેવળ દુધનું કરજે પાન.
શ્રીભાગવતની કથા કહીને કનોજમાં પાછા વળજે,
પુત્રપ્રાપ્તિ નિશ્ચેથી થાશે, ભગવદ્ ધર્મને આચરજે.
ભગવદ્ આજ્ઞા થઇ જાણીને, એકદમ ચમકી જાગ્યાં,
હૃદયના ઉમળકા સાથે હરિભજન કરવા લાગ્યાં.

ભગવાનની આજ્ઞાનો આદરપૂર્વક સ્વીકાર કરી તેઓએ સાત દિવસ સુધી કેવળ દૂધનું પાન કરી શ્રીમદ્ ભાગવતની સમાહ કરી ભગવાનની ઇચ્છાને આધીન થઈ કનોજ મુકામે પોતાને ઘેર આવ્યાં. રોમેરોમ આનંદ આનંદ વ્યાપી રહ્યો; પ્રભુના નામની જયઘોષણાએ પોતાનું ઘર ગજાવી મૂક્યું; આનંદ ઉદધિ ઉછળ્યો; બન્ને પતિપત્ની ભગવત્ સેવાપરાયણ થઈ શ્રીમદ્ ભાગવતને સ્વરૂપાત્મક સમજી સેવા કરવા લાગ્યાં. હરહંમેશ ફળરૂપે શ્રીમદ્ ભાગવતનું શ્રવણ અને મનન પ્રીતિપૂર્વક કરવાથી ભગવદ્ આજ્ઞાએ પૂર્ણ માસે તેમને ત્યાં પ્રભુ ભક્તનું પ્રાકટ્ય થયું. પિતા વિગેરેએ ભગવદ્ ભક્ત માની તેમનું સર્વ પ્રકારે લાલનપાલન કર્યું. સ્વજ્ઞાતિય બ્રાહ્મણોને બોલાવી વેદોચ્ચાર કરાવ્યા. ઉજ્વલ ચંદ્રના સરખી કાંતીવાળા તે બાળકનું નામ તેઓએ પદ્મનાભ રાખ્યું; તે દિવસથી તેઓ પદ્મનાભના નામથી ઓળખાવા લાગ્યા. દિવસ જતાં તે બાળક મોટું થયું. પુત્રનાં લક્ષણ પારણામાંથી પરખાય એ ન્યાયે નાનપણથીજ તેઓ ભગવદ્ધર્મ આચરવા લાગ્યા. તે બાળકની

પ્રભુપ્રત્યે પ્રીતિ જાણી પિતાએ પોતાનું અહોભાગ્ય માન્યું. આ પ્રકારે તેઓ પિતૃઋણમાંથી મુક્ત થયા. પિતાએ તેમને નાની વયમાં સર્વશાસ્ત્રનો ક્રમપૂર્વક અભ્યાસ કરાવી હમેશાં શ્રીમદ્‌ભાગવતનો પાઠ મુખ્ય રાખવાનું સૂચવ્યું. પિતાની અનુજ્ઞા માનીને ભગવદ્‌યશવર્ણન કરવા લાગ્યા; થોડા દિવસબાદ તેમના માતા પિતાએ આ લોકનો ત્યાગ કરી ભગવદ્‌ સમીપ પહોંચ્યાં. માતાપિતાના શોકમાંથી ચિત્ત શાંત થયા પછી તેમણે એક પવિત્ર અને સુન્દર સ્વજાતિની કન્યા સાથે લગ્ન કર્યું. હવે:—

વ્યાસાસન સ્વીકારી, કથા વાર્તા નિશદિન કરતા,
પ્રેમ પુલકિત થઈને, પ્રભુભક્તો ત્યાં સ્નેહે સાંભળતા.

આ પ્રમાણે બન્ને પતિપત્ની ભગવદ્‌ ભજનમાં હમેશાં નિમગ્ન રહેતાં. શ્રીમદ્‌ભાગવતની કથાનું વાંચન એજ માત્ર તેમના ઉદરનિર્વાહનું સાધન હતું. ત્યાંના રહીશોને તેઓ કથામૃત પાન કરાવતા તેથી સર્વ તેમને હેત અને પ્રેમની લાગણીથી જોતું. તેઓએ સર્વશાસ્ત્રો વેદ, પુરાણ અને ફળ રૂપ શ્રીમદ્‌ ભાગવતાદિનું સારી રીતે પઠન પાઠન કરી જનસમુહના મનને ભગવદ્‌ રસમાં તલ્લીન બનાવ્યા કે જેથી પોતાની યજમાનવૃત્તિને માટે કોઇને કહેવું પડતું નહોતું. ગામવાસીઓ ઘેર બેઠાં આવશ્યક વસ્તુઓ પહોંચાડતા તેમાંથી પોતાનું ભરણ પોષણ થતું, અને હરહંમેશ તેઓ આનંદમાં રહેતા. તે ગામમાં:—

અનન્યતાએ સદા વસે ત્યાં દામોદર સંભરવાળા,
વલ્લભ પ્રભુને પધરાવાની, નિશદિન જપતા માળા.

દ્વારકેશની સેવા કરતાં વલ્લભ વલ્લભ તે ઉચરે,
પંથ નિહાળે શ્રીવલ્લભનો, વિરહ વ્યાપ્યો નિજ અંગ પરે.

દામોદરદાસ સંભરવાળા આવી રીતે વિરહાતુર થઈ શ્રીવલ્લભ પ્રભુના આગમનની વાટ જોયા કરતા; જેમની કૃપાથી શ્રીદ્વારકાધીશની સેવા મળી, કે જેઓશ્રી હાલમાં કાંકરોલીમાં તિલકાયત શ્રીવ્રજભૂષણ-લાલજીને માથે બિરાજે છે, તે પ્રભુની સેવા ઘણા ભાવથી કરતા. જેમ અંબરીષ રાજા પ્રભુની દરેક સેવા એટલે હળવાથી માંડીને જળ ભરવા પર્યંતની કરતા તેમ દામોદરદાસ સંભરવાળા પણ કરતા. જેમણે અંબરીષ રાજાને જોયા નહોય તે દામોદરદાસ સંભરવાળાને જુઓ. એવું તેમની વાર્તા વાંચવાથી સમજાય છે. હવે શ્રીવલ્લભાધીશ ક્યારે પધારશે ? ક્યાંથી પધારશે ? આવી રીતે સ્વગુરૂ શ્રીવલ્લભ પ્રભુને નિરખવા ગાંડાતુર થએલા દામોદરદાસ સંભરવાળા તલપાપડ થઇ રહ્યા છે. તેવામાં—

વલ્લભ પ્રભુ પધાર્યાં, શિષ્યો સાથે દેશાટન કરવા,
ભક્તેચ્છા જાણીને, સત્વર આવ્યા શિષ્યને મળવા.

ભક્તના મનોરથ પૂર્ણ કરવા શ્રીવલ્લભાધીશ ભગવદ્ ગુણગાન કરતા કરતા કનોજમાં પધાર્યા. ત્યારે:—

દામોદર ત્યાં સામે આવ્યા, સગાં સહોદર સાથે લાવ્યા,
નિશાન ડંકા ત્યાં વગડાવ્યા, ગુરૂ ચરણ ઘરમાં પધરાવ્યા.

દ્વારકેશને ભોગ ધરીને, પ્રસાદ લીધો હળીમળીને,
અષ્ટાક્ષર ઉચ્ચાર કરીને, સુખે સુતા પ્રભુદર્શન કરીને.

શ્રીવલ્લભાધીશ શિષ્યોસહિત પધાર્યા. શ્રીકૃષ્ણના નામ સ્મરણમાં લીન થવાનું ભક્તવૃંદને ઉપદેશ્યું.

ધુનઃ—જયજય મથુરેશ મનમોહન
ચારી વૃન્દાવનમાં ગોધન.

પ્રભુની ઇચ્છા પદ્મનાભદાસ પાસે સેવા કરાવવાની થઇ તેથી સ્વપ્ન-દ્વારા આજ્ઞા કરી કેઃ—

જાગો જાગો તમે પદ્મનાભ, વેળાસર વ્હેલા જાગો,
હું આવ્યો તમારી પાસ, ઉંઘ આળસને ત્યાગો.

ઝબકી જાગીને જુએ, નિરખ્યા નંદકુમાર,
સહજ સ્મિતથી શોભતા, પ્રભુ પદ્મનાભને દ્વાર.
વલ્લભચરણ શરણે જઇ, પ્રીતે નમાવો માથ,
વાસો વસું હું તવ ગૃહે, મારૂં નામ **મથુરાંનાથ.**

કર સંપુટ કરી ગદ્‌ગદ્ કંઠે વિનંતિ કરી પૂછે છે કે કૃપાનાથ શ્રી વલ્લભાધીશ મને ક્યાં મળશે? તેઓશ્રી હાલ ક્યાં બિરાજે છે? આમ વારંવાર પૂછતાં પોતાના ભક્તની આવી તીવ્ર દશા જોઈ પ્રભુ આજ્ઞા કરે છે કે તેઓશ્રી હાલ તમારાજ ગામમાં દામોદરદાસ સંભરવાળાને ત્યાં બિરાજે છે. તમો શ્રી વલ્લભાધીશનેશરણે જઈ મારી સેવામાં પ્રવૃત્ત થાઓ. આમ ભક્તને અનુજ્ઞા આપી ભગવાન્ અંતરધ્યાન થયા આજ્ઞા લઇને પદ્મનાભદાસઃ—

નિત્ય નિયમ પડતો મૂકીને, પદ્મનાભ ત્યાં પોં'ચ્યા જઈ,
ગ્રહ્યું શરણ શ્રીવલ્લભ પ્રભુનું, સગાં સહોદર સાથે લઈ.
નામ મંત્રના શ્રવણ માત્રથી, દાસ્ય ભક્તિ હૃદયે વ્યાપી,
ભગવત્સેવા કરવા કાજે, બ્રહ્મસંબંધ દિક્ષા આપી.
તિલક તુલસીની માલા પે'રી, પદ્મનાભ પ્રભુભક્ત થયા,
નિહાળી વૈષ્ણવની દીક્ષા, શ્રોતાઓ સૌ શરણ ગયા.
દૈવીજન હિત કરવા કાજે, પૃથ્વી પરકમ્મા કરતાં,
બ્રહ્મવાદનું મંડન કરીને, માયા મત ખંડન કરતા.

પ્રખર પંડિત પદ્મનાભદાસને આવી રીતે વૈષ્ણવની દીક્ષા લેતાં જોઈ તેમના શ્રોતાજનો સૌ શ્રીવલ્લભાધીશને શરણે આવ્યા. દૈવી જીવોનો ઉદ્ધાર કરવાનેજ દેશ પર્યટન કરનાર શ્રીવલ્લભાધીશ દામોદરદાસ સંભરવાળાને ત્યાં ઉત્થાપન સમયનાં શ્રીદ્વારિકાધીશજીનાં દર્શન કરી શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાંથી પદ્મનાભદાસ વિગેરે ભગવદ્ ભક્તોને કથામૃતનું પાન કરાવ્યું. આનંદમાં તેમનાં હૃદય ભક્તિભીનાં થયાં. ખરેખર ! શ્રીકૃષ્ણના મુખારવિંદ રૂપ વૈશ્વાનર શ્રીવલ્લભાધીશની વાણીમાં આનંદ આવે એમાં કંઈ આશ્ચર્ય ન ગણાય; દિવ્ય પુરૂષનો વાણી પ્રભાવ હમેશાં તીવ્ર આનંદની અંતિમ સમાધિમાં લીન કરનારજ હોય છે. કથા સંપૂર્ણ થયા બાદ શ્રીવલ્લભાધીશેઃ—

પદ્મનાભ પાસે બોલાવ્યા, નિબંધના શ્લોકો સંભળાવ્યા,
વૃત્યર્થે ભગવદ્ ગુણ ગાશે, ધુળધાણી સઘળું થઈ જાશે.
બાવળનાં બીજડાં જ્યાં વાવે, આમ્ર સ્વાદ ત્યાં કયાંથી આવે.
બગ ભગત જ્યમ ધ્યાન લગાવે, ધરણી ધર શી રીતે આવે.
નિઃસાધન થઈ ભજજે ભાવે, જેથી ભૂધર હૃદયે આવે.

अथवा सर्वदा शास्त्रं श्रीभागवतमादरात्
पठनीयं प्रयत्नेन सर्वहेतु विवर्जितम्
वृत्यर्थं नैव युञ्जीत प्राणैः कंठगतैरपि
तदभावे यथैवस्यात्तथा निर्वाहमाचरेत्—निबंध.

"હમેશાં શ્રીમદ્‌ભાગવત શાસ્ત્રનો પ્રયત્ન કરીને કોઈ પણ હેતુ રહિત આદરપૂર્વક પાઠ કરવો. કંઠે પ્રાણ આવે તો પણ શ્રીમદ્ ભાગવતનો

ઉદર પોષણના અર્થે ઉપયોગ ન કરવો; તેના અભાવમાં જે રીતે બની શકે તે રીતે નિર્વાહ કરવો." આ પ્રમાણે શ્રીવલ્લભાધીશે પ્રવચન કર્યું. ગુરૂ આજ્ઞાનો પ્રેમ સહિત સ્વીકાર કરી પદ્મનાભદાસે પોતાના હાથમાં જળની અંજલી ભરી શ્રીવલ્લભાધીશની સમક્ષ સંકલ્પ કર્યો કે આજથી કથા કરી વૃત્તિ નહિ કરૂં. દયાર્ણવ શ્રીમદાચાર્ય ચરણે શ્રીમુખથી આજ્ઞા કરી કે પદ્મનાભદાસ, તમારી વૃત્તિ છે. તમે બ્રાહ્મણ છો, માટે મહાભારત પુરાણાદિકની કથા તો કહેવી પણ શ્રીમદ્‌ભાગવત વૃત્તિ અર્થે કહેવું નહિ. પદ્મનાભદાસે ફરીથી વિનંતિ કરી જણાવ્યું કે કૃપાનાથ ! હવે તો આપશ્રીની સમક્ષ જે પ્રતિજ્ઞા કરી તેથી વૃત્તિ અર્થે કંઈ પણ નહિ કરૂં. આ પ્રમાણે પદ્મનાભદાસેઃ—

ઉદર ભરણની ચિંતા છોડી, છોડી આ જગની માયા,
શ્રીભાગવતની વૃત્તિ છોડી, ભજ્યા ભાવે વલ્લભરાયા.

લોકલાજ કુલ કાન ત્યજીને, ભીક્ષાવૃત્તિ સ્વીકારી,
દુનીઆની દરકાર કર્યા વીણ, ગુરૂ આજ્ઞાનીજ ઉરધારી.

એક દીને યજમાન ગૃહે તે, ભીક્ષાવૃત્તિ કરવા ગયા,
વૈષ્ણવની દિક્ષાએ ભીક્ષા, જોઈ ઘણા નારાજ થયા.

જ્યાં સુધી પદ્મનાભદાસે ઉપવીત ધારણ કરી હતી ત્યાં સુધી ભીક્ષા માગવી ઉચિત હતી પણ તુલસી કાષ્ઠની માળા ગળામાં ધારણ કરી ભીખ માગવી એ હલકાપણું ગણાય, એમ વિચારી તે પણ મનથી ત્યાગ કરી દીધી. શ્રીવલ્લભાધીશે પૂછ્યું કે નિર્વાહ કયે પ્રકારે કરશો ? પદ્મનાભદાસ દીનતા પૂર્વક બન્ને હાથ જોડી વિનંતિ કરી કહે છે કે કૃપાનાથ ! હવે તો વૈશ્યવૃત્તિ કરીશ; એમ કહી તેઓશ્રીની પાસેથી વિદાય થઈ પોતાને ઘેર ગયા. હવેઃ—

ગૃહસ્થાશ્રમને નિભાવા, હાટે વેચે કાષ્ઠની ભારી,
સદા રહી સત્સંગે, ભજ્યા ભાવથી શ્રી ગિરિવરધારી.

જ્યાં સુધી પોતાનો દેહ રહ્યો ત્યાં સુધી લાકડાની ભારી વેચી પોતાનું ગુજરાન નિભાવ્યું; આવા ટેકી ભગવદીય હતા. શુદ્ધ કૃપાપાત્ર જીવોને વારંવાર કહેવામાં આવતું નથી. એક વાર સાંભળતાંની સાથે તે મુજબ કરવા તેમનું ધ્યાન ખેંચાય છે. દુનિયાનાં સર્વ સુખ એક બાજુ નષ્ટ થતાં હોય અને બીજી બાજુએ ધર્મ રહેતો હોય તો ધર્મને ગૃહણ કરી બધાં લૌકિક સુખોનું ઉલ્લંઘન કરવું એ ઉચ્ચ કોટીના ભગવદીયનાં લક્ષણ છે. ચાલુ જમાનામાં તો પિતા અવસ્થાને લઈ વૃદ્ધ થયા હોય એટલે દુનિયાની પ્રપંચની જાળ પાથરવામાં અશક્ત, મંદિરના ઓટલા સિવાય બેસવાને બીજું સ્થળ પણ ન જડે, ધંધાદારી લોકો વાત કરવાને ફુરસદવાળા હોય નહિ, અને બરોબરીયા વગર વાતમાં રસ પણ પડે નહિ એટલે વૃદ્ધ માણસને કોણ બોલાવે, નિરૂપાયે બિચારા રાજભોગ પછી પ્રસાદ લઈ બે ઘડી આરામ લઈ ઉત્થાપનથી સંધ્યા પર્યંત મંદિરનો ઓટલો સેવે, કથા વાર્તા કરી ઘેર જાય, કમાતા છોકરાને જોઈ ખુશી થાય અને કહે કે ભાઈ અમે તો ઘરડા થયા એટલે મંદિરે જઈએ, દેવદર્શન કરીએ, પણ ત્હારે તો હજી વાર છે, માટે તું તો જે પ્રમાણે કરતો હોઉં તે પ્રમાણે કરજે. આવાં માબાપ પોતાનો ગૃહસંસાર બગાડે છે. નાનપણથી છોકરાંને ધર્મને રસ્તે દોર્યા હોય તો મોટી ઉંમરે પોતાનો શું ધર્મ છે તે સારી રીતે સમજી શકે. પિતા પુત્રને માટે મુખમાંથી માગેલી વસ્તુ મોજુદ કરે છે; અને ધર્મ નિષ્ઠ થઈ પુત્રને એટલું પણ કહી શકતા નથી કે ભાઈ! તુલસીની માળા પે'રો, તિલક ધારણ કરો, મંદિરમાં દર્શન કરવા જાઓ, આમાંનું કંઈ નહિ તો પછી

ભગવાનમાં પ્રીતિ શી રીતે ઉપજે? પ્રહ્લાદજી પણ કહે છે કે कौमारमाचरेत् प्राज्ञो धर्मान् भागवतानिह। ભગવદ્ધર્મનું આચરણ ડાહ્યા પુરૂષોએ કુમાર અવસ્થાથીજ કરવું. મનુષ્ય માત્રને મરવાનું તો છેજ; ક્યારે કાળના જડબામાં આવીશું તેની ખબર પ્રભુ સિવાય કોઈ જાણતું નથી માટે:—

ભાવે ભક્તિ કરો શ્રી રાધાવરની
  રાધાવરની, ગિરિવરધરની-ભાવે:—

નવ જલદ શ્યામ વપુ ઉર ધારજો,
સેવા સ્મરણ કૃષ્ણ નામને ઉચ્ચારજો
  હૃદે રાખો છબી બંસીધરની.-ભાવે.

વલ્લભ વિઠ્ઠલ શ્રી યમુના શ્રી નાથને
પાએ લાગો લળી, વળી પ્રેમ પાથને
  ઉરધારો છબી ધરણીધરની-ભાવે.

હવે પદ્મનાભદાસ ભગવદીયોનો સત્સંગ થવાથી પ્રભુમય જીવન ગાળવા લાગ્યા. દિવસે દિવસે વધુ અને વધુ ભગવદ્‌ભાવ સ્ફુર્યો. શ્રીવલ્લભાધીશની સાથે રહેવાની ઇચ્છા થઈ. શ્રીમહાપ્રભુજી અડેલમાં બિરાજતા હતા, ત્યાં જઇ તેઓ તેમની સાથે રહ્યા. પદ્મનાભદાસે આતુરતા પૂર્વક પૂછ્યું કે કૃપાનાથ? હવે મારે શું કરવું! ત્યારે શ્રીવલ્લભાધીશ:-

સદા સર્વદા સર્વ ભાવથી, વ્રજાધિપ સેવો,
નિશ્ચય ધર્મ નિજ જનનો જાણો, નથી બીજો એવો.-વ્રજાધિપ
સેવાધર્મ કર્તવ્ય આપણું, અષ્ટાક્ષર લેવો,

કર્તા હર્તા ભર્તા જાણી, ભય મનથી ત્યજી દેવો–વ્રજાધિપ
શકટ ભાર જેમ શ્વાન સમજીલે, લોકભાર નવ સ્હેવો,
જળ કમલવત્ રહી આ જગમાં, ચરણ કમલ સેવો.–વ્રજાધિપ.

ગોકુલેશ નિજ હૃદયે ધારો, સ્વાત્મ ધર્મ એવો,
લોકવેદ ત્યાં કામ ન આવે, તેથી બીજો કહે કેવો–વ્રજાધિપ.

સર્વાત્મપણાએ રહી નિરંતર, પ્રભુચરણ સેવો
સ્મરણભજન નવ ત્યજવું કદાએ, મારો મત એવો–વ્રજાધિપ

આ પ્રમાણે ઉપદેશી આચાર્યવર્ય પોતાના શિષ્યો સાથે પ્રયાગ પધાર્યાં. સાથે પદ્મનાભદાસ પણ હતા. સુન્દર સ્થળ જોઈ મુકામ્ કર્યો. સૂર્ય અસ્ત થવાથી અજવાળું મટી અંધારૂં થયું તે વખતે પદ્મનાભદાસને બોલાવી આજ્ઞા કરી કે શ્રી અક્કાજી નદીને સામે કિનારે છે; તેમને અહીં પધરાવી લાવો. આવી આજ્ઞા થતાં તેઓ સત્વર ત્યાંથી ચાલી નીકળ્યા. પાંચ સાત વૈષ્ણવો સાથે હતા તેઓ પરસ્પર મળી માંહો માંહે કહેવા લાગ્યો કે આ બ્રાહ્મણ બિચારો બાવરો થયો છે, આ વખતે કયાં જશે ? હોડીવાળાઓ સૌ પોતપોતાને ઠેકાણે ગયા છે તે પોતે પાર કેવી રીતે ઉતરશે ? પણ પદ્મનાભદાસ તો आज्ञागुरूणामविचारणीया। એ શાસ્ત્ર વાકયાનુસાર ગુરૂ આજ્ઞાને અનુમોદન આપી ગુરૂ આજ્ઞામાં દૃઢ વિશ્વાસ રાખી તેઓ વગર વિલંબે કિનારા ઉપર ગયા ત્યાં તો:–

ભક્તાધિન ભગવાન, સદાએ ભક્તાધિન ભગવાન,
ભક્તકાજ૰ કરવાને આવે, પદ્મનાભની પાસે ધાવે.
નાવ લઈ નટવર ત્યાં આવે, કરવા આદરમાન.–સદાએ
ગુરૂવચન નિજ હૃદયે ધારે, જઈ પો'ચ્યા તે નદી કિનારે,

પ્રભુ રૂપ ધરી પાર ઉતારે, મુખ્ય વદનથી વદતા વારે,
વળતાં થજો મહેમાન.—સદાએ.

ભક્તવત્સલ કરૂણાનિધિએ બાલ્ય સ્વરૂપ લીધું. સરિતા તીરે ઉભેલા પદ્મનાભદાસજીને જણાવ્યું કે હું આપની ઇચ્છા હોય તો સામે પાર ઉતારીશ. હું તૈયાર છું, પદ્મનાભદાસે હા પાડી, નાવડામાં બેઠા. નાવડામાં બેઠેલા પદ્મનાભદાસને ફરીથી પ્રભુએ પૂછ્યું કે આપ પાછા ક્યારે ફરશો ? "તુરતજ પાછો વળીશ" એમ તેમણે ઉત્તર વાળ્યો. થોડા સમયમાં તેઓશ્રી અક્કાજી સહ નાવડામાં આવ્યા. પ્રભુએ નાવ હકાર્યું, કિનારે પહોંચ્યા, નાવ ઉભું રહ્યું, અને સામે પાર ઉતાર્યા. નિમિષ માત્રમાં બાળક અને નાવ અદશ્ય થયાં. પ્રભુ ઇચ્છા માની શ્રી અક્કાજીને સાથે લઇ શ્રી મહાપ્રભુજી પાસે લાવ્યા, પછી તેમને આરામ લેવાને માટે આજ્ઞા કરી. બીજા પાંચ સાત ભગવદીઓ જ્યાં સુતા હતા ત્યાં જઈ તેઓ શ્રીમદાચાર્યજીનું સંસ્મરણ કરતા કરતા સુતા.

આશરો એક દૃઢ શ્રીવલ્લભાધીશ કો
માનસી રીતકી મુખ્યસેવા વ્યસન, લોક વૈદિક ત્યાગ શરણ ગોપીશકો ॥૧॥

પ્રાતઃકાલે બીજા વૈષ્ણવોએ પૂછ્યું કે "તેઓશ્રીને કેવી રીતે તેડી લાવ્યા" પદ્મનાભદાસે સઘળા સમાચાર તેઓની આગળ કહી સંભળાવ્યા. ઉપરની હકીકત શ્રવણ કરી સર્વે જણાએ કહ્યું કે ભાઇ ! પ્રભુને તમે બહુજ પરિશ્રમ કરાવ્યો; આવું સાંભળવાથી પદ્મનાભદાસને હૃદયમાં અત્યત ખેદ થયો. તે વૈષ્ણવોએ શ્રીવલ્લભાધીશની સમક્ષ જઈ વિનંતિ કરી જણાવ્યું કે પદ્મનાભદાસે પ્રભુને બહુ શ્રમ કરાવ્યો, ત્યારે આજ્ઞા કરી કે જે થયું છે તે મારી ઇચ્છાથી થયું છે માટે પદ્મનાભદાસને

તમારે એક અક્ષર પણ કહેવો નહિ. આવી રીતે ગુરૂચરણમાં દૃઢવિશ્વાસ રાખી અનન્યતાએ અનુસરી પદ્મનાભદાસ આનંદમાં મસ્ત રહી, ભગવદ્ ગુણગાન કરી, ગુરૂચરણ સેવા પરાયણ થઇ શ્રીવલ્લભાધીશ્વરની સાથે ગોકુલ તરફ ગયાઃ—

ધુનઃ—જય જય મથુરેશ મનમોહન
ચારી વૃન્દાવનમાં ગોધન.

શ્રીવલ્લભાધીશ શ્રી ગોકુલથી અડેલ તરફ પધારતા હતા. રસ્તામાં એક વેપારી ક્ષત્રી કેટલોક માલ લઇને સાથે સાથે ચાલતો હતો. તે વેપારી કનોજની ભાગોળે રહ્યો અને શ્રીમદાચાર્યચરણ શિષ્યો સહિત દામોદરદાસ સંભરવાળાને ઘેર પધાર્યા. એકાએક લુંટારાઓએ તે વેપારીનો માલ લુંટી લીધો. સઘળી માલમીલ્કત લુંટાઇ જવાથી બેબાકળો થઇ ગયો, અને પોકે પોક મૂકી રડવા લાગ્યો, શ્રીમદાચાર્યચરણ પોતાના શિષ્યને ઘેર પ્રભુ માટે સામગ્રી સિદ્ધ કરી ભોગ ધર્યો. સમયાનુસાર ભોગ સરાવી ભોજન કરવા બિરાજ્યા હતા, તેવામાં તે વેપારી રડતો કકળતો શ્રીમદાચાર્ય ચરણની તપાસ કરતો દામોદર સંભરવાળાને ત્યાં આવીને પૂછે છે કે "શ્રીવલ્લભાધીશ કયાં બિરાજે છે?" ત્યારે પદ્મનાભદાસજી કહે છે કે તેઓશ્રી ભોજન કરવા બિરાજ્યા છે. આ પ્રમાણે બોલવું સાંભળી તે વેપારીએ કહ્યું કે મારો માલ સઘળો લુંટાઇ ગયો છે અને તેઓશ્રી ભોજન કરવા બિરાજ્યા છે? એમ કહીને ઢળી પડયો અને કહેવા લાગ્યો કેઃ—

મહા પ્રભુજીને મળવાની, ઉત્કટ ઇચ્છા છે અમને,
કૃપા કરો કંઇ પામર જીવપર, કરૂં વિનંતિ હું તમને.

માલ મિલ્કત મારી લુંટાઇ, દીન દશા આ મારી થઈ,
ભીખ માગતાં પુરૂ ન થાએ, કરો કૃતારથ બહુ ધન દઈ.
ગયું ધન પાછું મેળવવા, વેપારી વત્તું બોલે,
વૈશ્ય વૃત્તિમાં ભૂલ પડે નહિ, રૂપૈયાની આની સોલે.
નામામાં પૈસો એક ઘટતાં છજૈનું દિવેલ બળે,
ચમડી તુટે દમડી ન છુટે, વિચાર કરીએ પળે પળે.

પદ્મનાભદાસે મનમાં વિચાર્યું કે જો આ વાત કદાચ શ્રીવલ્લભાધીશના શ્રવણે પડશે તો આપશ્રી ભોજન નહિ કરે, માટે તે વેપારીનો હાથ પકડીને થોડેક દૂર લઈ જઇ તેને પૂછ્યું કે સાચું કહો! તમારો કેટલા રૂપૈયાનો માલ લુંટાયો છે? તે વેપારીએ સત્ય હકીકત નિવેદન કરી. પદ્મનાભદાસ તે વેપારી સહ શહેરમાં શાહુકારને ત્યાં ગયા. શાહુકારે તેમનું સપ્રેમ સન્માન કર્યું, અને પદ્મનાભદાસને આવાગમનનું કારણ પૂછ્યું. પદ્મનાભદાસે કહ્યું કે આ વેપારી જેટલા રૂપૈયા માગે તેટલા આપો, અને તે રૂપૈયાનું ખત પત્ર હું લખી આપું છું. પોતાના ગામના પ્રતિષ્ઠિત પંડિત પદ્મનાભદાસનાં પગલાં દુકાનમાં થવાથી તે શાહુકાર પોતાને અહોભાગ્ય સમજવા લાગ્યો, અને તેમના કહેવા મુજબ તે વેપારીને રૂપૈયા આપી વિદાય કર્યો. તે શાહુકાર વિનંતી કરી પૂછે છે કે પદ્મનાભદાસજી મારે ખત પત્રનું શું કામ છે? આપ સુખેથી પધારો, સ્પૃહા વગરના ભક્ત શિરોમણિએ આગ્રહ પૂર્વક જણાવ્યું કે પ્રથમ ખત પત્ર લખીશ, પછી ઘેર જઈ પ્રસાદ લઇશ; આવો દૃઢ આગ્રહ જોઈ તે શાહુકારે ખતપત્ર લખાવ્યું, તેમાં પદ્મનાભદાસે પોતાનો ધર્મ ઘરાણે મૂકી મૂકામે આવ્યા.

ગુરૂ શિષ્યનો પ્રેમ, સદા જગ માંહી વ્યાપે,
રહો ભક્તની જેમ, કદા નિર્ભય કરી સ્થાપે.

પદ્મનાભનો પ્રેમ, જુઓ વલ્લભની સાથે,
રાખી પ્રભુએ રે'મ, જાતાં પુષ્ટિને પાથે.

વલ્લભ ચરણ શરણે જઈ, પ્રીતે પૂજે પ્રભુ પાદને,
પ્રેમ પુલકિત હૃદયે થઈ, રીઝવો ગોવરધન નાથને.

શ્રીમદાચાર્ય ચરણે પદ્મનાભદાસને કહ્યું કે અત્યાર સુધી તમે કયાં ગયા હતા? પદ્મનાભદાસે તમામ હકીકત તેમની આગળ નિવેદન કરી. આ સઘળું સાંભળી શ્રી આચાર્યજી આશ્ચર્ય પામ્યા, અને કહેવા લાગ્યા કે તે વેપારી સાથે આપણને શું સંબંધ? તમે દેવું કરી દ્રવ્ય અપાવ્યું તે અઘટિત કાર્ય કર્યું. આમ કરવાનું કારણ શું? પદ્મનાભદાસે જણાવ્યું કે કૃપાનાથ! આપનું કહેવું યથાર્થ છે. આપશ્રીના ભોજન સમયે તે વેપારી આવ્યો અને જો કદાચ તે પોકાર કરત તો ભોજનમાં વિલંબ થાત, અને મા'રા શિષ્યપણામાં ખલેલ પહોંચત. દેવું તો કાલે ચુકાવીશ; આવો દૃઢ નિશ્ચય જોઈ શ્રી વલ્લભાધીશ ઘણા પ્રસન્ન થયા, અને અડેલ મૂકામે પધાર્યા. પદ્મનાભદાસ તેમનાથી વિખુટા પડી તે શાહુકારનું દેવું પતવવા એક રાજાને ત્યાં ગયા. પદ્મનાભદાસને રાજ્યસભામાં આવતા જોઈ રાજા કહે છે કેઃ—

આવો ભક્તવર આવો, કૃપા કરીને કથા સંભળાવો,
ગાવો કૃષ્ણ ગુણ ગાવો, મલશે મુજને અલભ્ય એ લ્હાવો.

ઘણા આદરથી રાજ્યસભામાં તેમને આસન આપ્યું. રાજાએ કથામૃતનું પાન કરાવવાને વિનવ્યું. પદ્મનાભદાસે શ્રીમદ્ભાગવત સંભ-

ગાવવાની ચોકખી ના પાડી અને જો મહાભારત સાંભળવાની ઇચ્છા હોય તો કહું. આખી સભાએ રાજા સહિત ઘણા હર્ષ સાથે તેમની પ્રતિજ્ઞાને વધાવી લીધી, અને મહાભારતની કથા સાભળવા તેઓ તૈયાર થઇ ગયા. સભા શાંત થઇ. એકી ટસે બધા તેમની સામું નિહાળવા લાગ્યા. ચાતક પક્ષીવત્ વાટ જોતા શ્રોતાઓને કથારસમાં તલ્લીન કરી દીધા. જ્યારે યુદ્ધનો પ્રસંગ આવ્યો ત્યારે જેની પાસે હથિઆર હતાં ને વેગળાં મૂકાવ્યાં છતાં કથા કહેવામાં એટલો બધો વીર રસ વ્યાપ્યો કે શ્રોતાજનો પરસ્પર ધક્કા મુક્કી અને લાતોએ ચડયા, છેવટે થાકીને કથા બંધ કરવી પડી. આવો રસ તેમની દરેક કથામાં આવતો. કથાનો આધાર વક્તા ઉપર વિશેષ રહે છે હવેઃ—

મહાભારતની કથા સાંભળી, વીરરસ વ્યાપ્યો ઉરે.
પદ્મનાભજી કથા કહીને, રાજાની આશા પુરે.
હરખાતો હરખાતો રાજા, દક્ષિણા દેવા લાગ્યો,
ધુણાવ્યું નિજ મસ્તક ભક્તે, ભેખ ભીક્ષાનો મેં ત્યાગો.
વેષ વૈષ્ણવી જ્યાંથી લીધો, હાથ નથી લાંબો કીધો,
દાન દક્ષિણા કદિ ન યાચ્યું, પ્રત્યુત્તર પાછો દીધો.

રાજા ! દ્રવ્ય નહિ લઉં, મારે શાહુકારનું જેટલું દેવું છે, તેટલું વ્યાજ સાથે આપવું છે; આપ પરભાર્યું ખત પત્ર મંગાવો, લખ્યા પ્રમાણે દેવું ચૂકાવો, તે ઉપરાંત મારે કંઇ પણ ખપે નહિ. આમ નિઃસ્વાર્થ વૃત્તિ જોઇ રાજા ઘણો પ્રસન્ન થયો અને તે પ્રમાણે કર્યું. પદ્મનાભદાસ શાહુકારના દેવામાંથી મુક્ત થયા. ધર્મ રાખવામાં ન્યાય કે અન્યાયનો વિચાર નહિ કરતાં જે પ્રમાણે વેપારીએ માગ્યું તે પ્રમાણે

આપ્યું. દેવું કરી ધર્મ રાખવો એવી શ્રીવલ્લભાધીશની આજ્ઞા નથી: તો પણ મુખ્ય ધર્મ-(પ્રેમના) આગળ સામાન્ય ધર્મનું ઉલ્લંઘન કર્યું. હજારો રૂપૈયા કથા કહી પેદા કરવાની શક્તિ હતી. ધર્મની ખાતર તેમને વૃત્તિનો મનથી ત્યાગ કર્યો. ધન્ય છે આવા ટેકી ભગવદીયને.

હવે જેમનું આખું કુટુંબ ભગવદ્ ભક્ત હતું. હજુ સુધી તેમની પુત્રી કુંવારી હતી. પુખ્ત ઉંમરે પહોંચ્યા છતાં યોગ્ય વરના અભાવે પદ્મનાભદાસને ઘણી ચીંતા થતી. મનમાં વિચાર્યું કે શ્રીવલ્લભાધીશનો સેવક હોય તેની સાથેજ વિવાહ કરવો. હવે:—

દીકરીના વિવાહને કાજે, વૈષ્ણવને પૂછે જઇ,
કન્યા હમારી હજુ કુંવારી, ભક્ત વિણ આપું નહિ.
પુખ્ત ઉંમરે અબળા પહોંચે, પ્રબળા કદિ થાયે નહિ,
ગાય ગરીબને દીકરી, જ્યાં દોરે ત્યાં જાય સહી.

દૃઢ સંકલ્પ જાણી સાથેના વૈષ્ણવોએ શ્રીવલ્લભ પ્રભુના અનન્ય સેવક એક સનોડીયા બ્રાહ્મણને તેમની કન્યા આપવાને સૂચવ્યું. વૈષ્ણવોના કહેવાથી અને પોતાને યોગ્ય લાગવાથી તે બ્રાહ્મણના લલાટમાં તિલક કર્યું. ઘરમાં આવ્યા પછી મોટી દીકરી તુલસાને વિવાહ કર્યાની વધામણી કહી. તુલસાએ જણાવ્યું કે પિતાજી એતો સનોડીયા બ્રાહ્મણ અને આપણે કનોજીયા બ્રાહ્મણ તમે વિવાહ કયે પ્રકારે કર્યો. શ્રીવલ્લભાધીશનું સ્મરણ કરી તુલસાને આશ્વાસન આપી શાંત પાડી કહ્યું કે બેન! થવાનું હતું તે થયું, તે બ્રાહ્મણ છે, શ્રી મહાપ્રભુજીનો સેવક છે. તેવામાં તુલસા બોલી ઉઠી કે:—

તુલસા કહે તુમ સુનો પિતાજી, શીઘ્ર સગાઇ ફેરો
ભલે હોય એ ભક્ત પ્રભુનો, મન ન માને મેરો.–ભલે હોય.

સત્ય સંકલ્પવાન પદ્મનાભદાસજીએ કહ્યું “પ્રથમ છરી વડે મારા અંગુઠાને કાપો કારણકે જે અંગુઠા વડે જમાઇને તિલક કર્યું–એટલામાં તુલસા બોલી ઉઠી, પિતાજી! અંગુઠો કેમ કપાય? ત્યારે પદ્મનાભદાસે જણાવ્યું કે સગાઇ પણ કેવી રીતે ફેરવી શકાય? દૃઢ નિશ્ચયવાળા પ્રભુભક્તે તે સનોડીયા બ્રાહ્મણની સાથે પોતાની પુત્રીનું લગ્ન નિર્વિઘ્ને કર્યું. પોતાની ન્યાતની દરકાર રાખ્યા વગર કેવળ વૈષ્ણવની સલાહ મુજબ દૃઢ વિશ્વાસ રાખી સગાઈ ફેરવી નહિ.

ધુનઃ—જય જય મથુરેશ મન મોહન,
ચારી વૃન્દાવનમાં ગોધન.

હવે શ્રીમદાચાર્યચરણ પદ્મનાભદાસજીને હમેશાં પોતાની સાથે રાખતા, તેમની ગુરૂભક્તિ જોઇ સદા પ્રસન્ન રહેતા શ્રીવલ્લભપ્રભુના સેવકો ભગવત્સેવા પરાયણ રહી નિત્ય નિયમ પૂર્વક પ્રભુને ભોગ ધરાવતા, નાના પ્રકારનાં લાડ લડાવતા, જન્માષ્ટમી ઉત્સવાદિમાં આનંદ માનતા. આ સઘળું અવલોકીને પરમ ભક્ત પદ્મનાભદાસજીને પ્રભુની સેવા કરવાનું મન થયું. પોતાની ઇચ્છા ગુરૂચરણને દર્શાવી. મહા ઉદાર ચરિત્રવાન શ્રીવલ્લભાધીશે તેમ કરવાને જણાવ્યું. હવે પદ્મનાભદાસ શું કહે છે. હે કૃપાનાથઃ—

પ્રીતે પ્રભુ પધરાવજો, મમ વિનતી ઉર ધારજો,
કરી કરૂણા ભક્તજન પર, રસ અમી વરસાવજો.
સ્વયં પ્રકટ પ્રભુ વિના આ, ચીત્તડું ચોંટે નહિ,
મમ મનોરથ પૂરણ કરજો, શરણ આવ્યો હું અહી.

હર હમેશ રાસલીલામાં મગ્ન ચિત્તવાળા ગુરૂચરણને આ પ્રમાણે વિનંતિ કરી, પદ્મનાભદાસ શાંત ઉભા રહ્યા. ભક્તની ઇચ્છાને આધિન થઇને આજ્ઞા કરી કે તમારા મનોરથ પરિપૂર્ણ થાઓ, એમ કહી થોડા દિવસ પછી ગોકુલ નજીક આવેલા સામેના કિનારે કરૂણાવલ ગામના શ્રી યમુનાજીના કિનારા ઉપર ભક્તવૃન્દ સહિત મૂકામ કર્યો. શ્રીવલ્લભાધીશ સંધ્યાવંદન કરતા હતા. પદ્મનાભદાસના મનમાં વિરહાનલ વ્યાપ્યો અને પ્રભુ પ્રાકટ્ય પર વિચાર પરંપરા ચાલી. ગુરૂવાક્ય પર વિશ્વાસ રાખી પ્રભુના પ્રાદુર્ભાવની વાટ જોતા ઉભા એટલામાં એકા એક શ્રીયમુનાજીનો રેણુંમય ટેકરો ધીરે ધીરે ગરવા લાગ્યો; તેમાંથી એક દિવ્ય અલૌકિક મોટું સ્વરૂપ સંવત ૧૫૫૬ ના ફાગણ સુદી ૭ ને રોજ પ્રકટ થયું.

સકલ વિશ્વાધાર, પ્રકટયા સકલ વિશ્વાધાર,
શંખ ચક્ર ગદા પદ્મ બિરાજે, પગ નેપૂર ઝણકાર.
કંઠે કૌસ્તુભ મણિ માળા શોભે, ઉર સોહે વનમાલ,
ગોવરધન ગિરિ નિજ કર ધાર્યો, વ્રજ જનના રખવાળ.

વેદમાં अब्जा गोजा अद्रिजा ऋतं बृहत् । એ શ્રુતિ વાક્યાનુસાર પરબ્રહ્મનું પ્રાકટ્ય જળ, પૃથ્વી કે પવતમાંથી થવાનું લખેલું છે. તે તમને સ્વરૂપાનંદનું દાન કરવાને માટે પોતાનું ક્રીડાસ્થાન શ્રીવ્રજભૂમિ હોવાથી આ પ્રભુ પ્રકટ થયા એમ અંગુલી વડે બતાવી સેવા કરવાની આજ્ઞા કરી. પદ્મનાભદાસ ગભરાયા, આવડા મોટા સ્વરૂપની સેવા શી રીતે કરવી, એમં વિચાર કરવા લાગ્યા, દયાસાગર શ્રીવલ્લભ પ્રભુએં તેમના મનની વાત જાણીને તે સ્વરૂપને પોતાના ખોળામાં પધરાવ્યા. ભક્તનો ઉત્કટ વિરહભાવ જાણીને પ્રભુ નાના થયા. જે સ્વરૂપે પદ્મ-

નાભદાસને સ્વપ્નમાં પોતાની સેવા કરવા કાજે શ્રીવલ્લભાધીશને શરણે જવાની આજ્ઞા કરી હતી એવાં પ્રભુનાં દર્શન થવાથી તેઓ ઘણા પ્રસન્ન થયા, અને હર્ષઘેલા થઇ ગાવા લાગ્યા કેઃ—

શ્રીમથુરેશ મને મલીયારે,
મા'રા સકલ મનોરથ સરીયા;
પ્રેમ પુલકિત થઇને સદા હું, વદન કમળ નિહાળું.
આનંદે દિવસ ગુજારૂં,
મારાં દૈવિ ભાગ્ય ઉઘડીયારે.
શ્રીમથુરેશ.

શ્રીમદાચાર્ય ચરણે તે પ્રભુને પદ્મનાભદાસના ખોળામાં પધરાવ્યા. પ્રાતઃકાલથી શયનપર્યંતની સેવા વિધિ શીખવાડી, અને **महाराजोपचारेण पर्वयात्रा महोत्सवान् ।** જેમ રાજાધિરાજની જે પ્રમાણે લોકમાં પરિચર્યા થાય છે તેથી અધિક ભક્તિમાર્ગની રીતીએ આ મથુરાધીશની દિવાળી વિગેરે પર્વ તથા સ્નાનયાત્રા, જન્માષ્ટમી ઉત્સવાદિક વિધિપૂર્વક કરવા, આ પ્રમાણે ઉપદેશ આપ્યો. પદ્મનાભદાસજી ગુરૂ આજ્ઞા માથે ચઢાવી મનમાં આનંદ માની પ્રિય પ્રભુ શ્રીમથુરાંનાથજી કે જેઓશ્રી હાલ કોટામાં બિરાજે છે, તેમને સાથે પધરાવી કનોજમાં પોતાને ઘેર આવ્યા. પદ્મનાભદાસજીનો પરિવાર પાસે આવ્યો. પ્રભુને એકીટસે નિહાળ્યા. હર્ષયુક્ત થઈ પ્રભુને સુન્દર સ્થળે પધરાવ્યા. ગુરૂ આજ્ઞા પ્રમાણે સેવા ક્રમ આચરવા લાગ્યા. તેમનું આખું કુટુંબ સેવાપરાયણ થયું. કોઇક દિવસ સેવાવિધિમાં ભૂલ થતી ત્યારે પ્રભુ પોતાના ભક્તને જણાવતા; આવી કૃપા તેમના ઉપર હતી. ગામવાસીઓ તેમને ઘેર દર્શને આવતા.

મથુરાધીશની ઘણા ભાવવડે સેવા કરતા. જેનું કુટુંબ ભગવદીય હોય ત્યાં કલેશનું સ્થાન હોયજ નહિ. આજે પણ તેવાં કુટુંબ જોવામાં આવે છે તેથી ખરેખર પદ્મનાભદાસજીનું ભાન કરાવે છે.

ધુનઃ—જયજય મથુરેશ મનમોહન
ચારી વૃન્દાવનમાં ગોધન.

સમય જતાં ભગવદ્‌ભક્ત રામદાસજી તેમને ઘેર પોતાના સેવ્ય સ્વરૂપ શ્રીમદનમોહનજીને પધરાવવા આવ્યા; બન્ને જણ પરસ્પર મળ્યા.

ચાર મોલે ચોસઠ હસે, વીસ રહે કરજોડ;
પરસ્પર આનંદ થયો, પ્રફુલ્લિત સાત કરોડ.

શ્રીમદનમોહન પ્રભુને પદ્મનાભદાસને ત્યાં પધરાવી શ્રીનાથજીની સેવા કરવા શ્રીગિરિરાજ જઈ ભીતરીયા થયા. પદ્મનાભદાસ ભાવપૂર્વક સેવા કરવા લાગ્યા. એવામાં એકાએક મોગલ બાદશાહની ફોજ કનોજમાં આવી. આખું ગામ લૂંટયું તેમાં પદ્મનાભદાસનું ઘર પણ લૂંટાયું. રામદાસના સેવ્ય શ્રીમદનમોહનલાલજીને તે મોગલ બાદશાહ લઈ ગયો. પદ્મનાભદાસે પોતાની દીકરી તુલસાને કહ્યું કે ઘરની તપાસ રાખજે, હું જાઉં છું. પ્રભુ મળશે ત્યારે પાછો આવીશ. તે મોગલની પાછળ પાછળ ભૂખે તરસે ભટકવા લાગ્યા. સાતસાત દિવસના કડાકા થયા. અન્નજળનો ત્યાગ કર્યો. આ સઘળું નિહાળી બેગમ બાદશાહને કહે છે કેઃ—

સાત દિવસનો ભૂખ્યો બ્રાહ્મણ, અથડાતો રખડી મરશે,
પાછા આપો દેવ એમના, બ્રહ્મહત્યા વળગી પડશે.

રાણીની વાણી ઉર આણી, રાજા મનમાં કરે વિચાર,
દેવ એમના પાછા આપી, કૃત્ય કરી ત્યાંથી તત્કાળ.

પદ્મનાભદાસ પ્રભુને પધરાવી ઘેર આવ્યા. તુલસાને સામગ્રી સિદ્ધ કરવાને કહી પ્રભુને પંચામૃત વડે સ્નાન કરાવ્યું. વસ્ત્રાભૂષણ ધરાવી પ્રભુને ભોજનગૃહમાં પધરાવ્યા. સમયાનુસાર ભોગ સરાવી, દર્શન કરી, અનોસર કરી, વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવી પોતે લીધો. કનોજમાંથી શ્રીમદનમોહનજી બાદશાહના હાથમાં ગયા જાણી શ્રીગિરિરાજમાં રામદાસે પણ સાત દિવસસુધી અન્નજળ ત્યાગ કર્યું. શ્રીનાથજીની સેવા સાવધાનતાથી કરતા, પણ ચિત્તની વૃત્તિ સેવ્ય સ્વરૂપમાં હતી, તેથી મનમાં ખેદયુક્ત હતા. આ વાત પદ્મનાભદાસે ઘેર બેઠાં જાણી. તેથીઃ—

રામદાસને મળવા કાજે, પુત્રી તુલસાની આજ્ઞા લઇ,
ગિરિવરધરનાં દર્શન કરવા, ગિરિરાજમાં પોં'ચ્યા જઇ.
નંદકુંવર નયને નિહાળ્યા, આશા સઘળી પૂરી થઇ,
કૃષ્ણ કૃષ્ણ મુખેથી જપતા, ગુરૂભાઇને મળીયા જઇ.
પરસ્પર પ્રીતેથી ભેટ્યા, જયશ્રીકૃષ્ણ ઉચ્ચાર કરી,
હળીમળીને પ્રસાદ લઇને, વિરહ વેદના દૂર કરી.

કૃષ્ણકથા ગુણગાન પરાયણ થઇ પદ્મનાભદાસે તેમને જણાવ્યું કે તમે મારે માથે પ્રભુ પધરાવ્યા તેથી મારે દુઃખ સહન કરવું ઘટે પણ તમારે ભૂખ્યા રહેવાનુ શું પ્રયોજન? દ્રવિત હૃદયે રામદાસજીએ જવાબ આપ્યો કે તમારૂં અક્ષરશઃ સત્ય છે પણ મેં તે પ્રભુની સેવા ઘણા દિવસ સુધી કરી છે, તેથી એટલો પણ સંબંધ નહિ કે પ્રભુને પરિશ્રમ પડે અને તેનો સેવક પેટ ભરે? વૈષ્ણવોનું તન, મન, ધન કે પ્રાણ

પોતાને જે વ્હાલામાં વ્હાલું હોય તેના કરતાં અધિક વ્હાલા પોતાના પ્રભુ સેવ્ય છે. સર્વસ્વ જાઓ પણ પ્રભુ ન જશો એજ શુદ્ધ ભાવિક વૈષ્ણવોની માન્યતા હોય છે. કયાં કનોજ અને કયાં શ્રીગિરિરાજમાં રામદાસને ખબર પડવી, પદ્મનાભદાસનું મળવું, વિગેરે ભગવદ્ ઇચ્છાએ બને છે. કેવલ ભક્તિનિષ્ઠ ભગવદીય આ સઘળું જાણી શકે છે. શ્રીમદા-ચાર્ય ચરણ સ્વકૃત શ્રીતત્ત્વદીપ નિબંધમાં ઉપદેશે છે કેઃ—

ज्ञाननिष्ठा तदाज्ञेया सर्वज्ञो हि यदा भवेत्
कर्मनिष्ठा तदाज्ञेया यदा चित्तं प्रसीदति
भक्तिनिष्ठा तद ज्ञेया यदा कृष्णः प्रसीदति।

સર્વજ્ઞપણું થાય ત્યારે જ્ઞાનનિષ્ઠ, ચિત્તની પ્રસન્નતાથી કર્મનિષ્ઠ અને કૃષ્ણ પ્રસન્ન થાય ત્યારે ભક્તિનિષ્ઠ ગણાય. જેણે કૃષ્ણ પ્રસન્ન કર્યા એટલે સર્વજ્ઞપણું, ચિત્તની પ્રસન્નતા, ત્રણે વસ્તુ પ્રાપ્ત થાય, આ પ્રમાણે કર્મ, જ્ઞાન, અને ભક્તિનું સરવાયું શ્રીવલ્લભાધીશે દૈવિ જીવોના હિતને કાજે જણાવ્યું છે; તેનુ વિસ્તારપૂર્વક વાંચવાની જીજ્ઞાસા થાય તેણે "શ્રીવૈષ્ણવ પ્રથમ પાઠાવલી" જે નડિઆદના શ્રીવૈષ્ણવ યુવક મંડળ તરફથી મુદ્રિત થઇ છે તે વાંચવી.

ધુનઃ—જયજય મથુરેશ મનમોહન,
ચારી વૃન્દાવનમાં ગોધન.

પદ્મનાભદાસ શ્રીગિરિરાજથી વિદાય થયા. કનોજમાં આવી પોતાના પ્રભુ શ્રીમથુરેશની સેવા કરવા લાગ્યા. દિવસ જતાં પોતાના સેવ્ય સ્વરૂપને સાથે રાખી કુટુંબ સહિત જ્યાં શ્રીવલ્લભાધીશ બિરાજતા

હતા ત્યાં અડેલ આવી રહ્યા. ગૃહસંસાર નિભાવવા તેમની પાસે એકેય સાધન નહોતું. દ્રવ્યનો સંકોચ બહુ પડવાથી ચણાની દાળ પાણીમાં પલાળી ઘીમાં તળી તેની અંદર મીઠું અને મરીયાં પધરાવી પ્રભુની સન્મુખ દરેક સામગ્રીનું નામ દઇ એક એક મુઠી ભરી જુદી જુદી પીરસતા જાય અને કહેતા જાય કે આ દાળ છે, આ ભાત છે, આ શાક છે, આ રોટી છે, પણ નિઃસાધન ભક્ત પાસે ભોગ ધરવાની ફક્ત એકજ વસ્તુ હતી, જેને વ્રજભાષામાં છોલાં કહે છે. તે પ્રભુ ભક્તનો ભાવ જોઇ પ્રસન્નતાપૂર્વક પ્રીતે આરોગતા. આ પદ્મનાભદાસેઃ—

ભાવે ભજનમાં ભળી, ભજ્યા પ્રભુ ભાવે ભજનમાં ભળી.
ગૃહસંસાર નિભાવા કાજે, ભગવદ્ ચર્ચા કરી,
ગુરૂચરણના બોધમાત્રથી, વૃત્તિને પરહરી. ભજ્યા.

રામદાસના સેવ્ય સ્વરૂપની, પ્રીતે સેવા કરી,
હાકેમ હાથે પ્રભુ ગયા ત્યારે, રખડયા ભૂખે મરી. ભજ્યા.

ગુરૂકૃપાએ પ્રભુ મેળવ્યા, વિરહ વેદના ટળી,
સાધન વિણ મથુરેશ રીઝવ્યા, છોલાં ભોગ ધરી. ભજ્યા.

આ પ્રમાણે સેવા કરતાં કરતાં ઘણા દિવસ વીત્યા. કેટલાક વૈષ્ણવોને ખબર પડી કે પદ્મનાભદાસ પ્રભુને કેવલ છોલાં ભોગ ધરી પોતાનો નિર્વાહ ચલાવે છે. પદ્મનાભદાસની નિષ્કંચનતાને લઇને પ્રભુને પરિશ્રમ પડે છે તેમ વિચારી પાસેના રહેતા વૈષ્ણવોએ શ્રીમદાચાર્ય-ચરણને વિનંતી કરી જણાવ્યું કે કૃપાનાથ? પદ્મનાભદાસ પ્રભુને કેવલ છોલાં ભોગ ધરાવે છે. એક દિવસે સમય વિચારી શ્રીવલ્લભાધીશ પદ્મ-નાભદાસને ત્યાં પધાર્યા; તે વખતે રાજભોગનો સમય હોવાથી રિવાજ

મુજબ સામગ્રીનું નામ દઇ પ્રભુને છોલાં ભોગ ધરી રહ્યા હતા. ઓચિંતા ગુરૂચરણને પધારેલા જોઇ ઘણા આનંદ પામ્યા. આસન પાથરી તેના ઉપર બિરાજવાને વિનંતી કરી. સમયાનુસાર પદ્મનાભદાસે ભોગ સરાવ્યો. ભોગ મંદિરમાં શ્રીવલ્લભાધીશ પધાર્યા. પાત્રમાં જુદી જુદી ઢગલીઓ એકજ સામગ્રીની નિહાળી પૂછ્યું કે પદ્મનાભદાસ? આ શું? "તે સખડી છે, તે દાલ છે, તે શાક છે, તે રોટી છે, તે ખીર છે;" ભક્તના સ્નેહને પરવશ થઇ શ્રીવલ્લભાધીશે પ્રસાદ લીધો તેમાં તેમના કહેવા પ્રમાણે સ્વાદ લાગ્યો; તેથી તેઓશ્રી ઘણા પ્રસન્ન થઇ કહેવા લાગ્યા કે પદ્મનાભદાસઃ—

ધન્ય પ્રભુ ભક્ત ધન્ય તને ધન્ય તને ધન્ય છે.
પ્રભુ રીઝવ્યા, લાડ લડાવ્યા ધન્ય તને ધન્ય છે.
છોલાં ભોગ ધરી પ્રીતે પ્રભુવરી, કોટીવાર ધન્ય છે.
દીન દશા તહારી નયને નિહાળી, કોટિવિરલ ધન્ય તને ધન્ય છે.

ભક્તવરને ધન્યવાદ આપી શ્રીવલ્લભાધીશ પોતાને મુકામે પધાર્યા અને મન સાથે વિચાર કરવા લાગ્યા કે આ સઘળું દ્રવ્યના સંકોચનું કારણ છે એમ શ્રીવલ્લભાધીશે વિચાર્યું. હૃદય ભરાઇ આવ્યું. હવે શું કરવું? પોતાના ભક્તને માટે દરરોજ સામગ્રી મોકલાવવી, એમ શ્રીઅક્કાજીને સૂચવ્યું. તેથી પ્રાતઃકાલે તમામ રસોઇમાં ઉપયોગી વસ્તુ મોકલી આપી. સીધુસામગ્રી આવવાથી તુલસાએ પિતાને ખબર આપી કે ગુરૂને ઘેરથી આ સઘળું આવ્યું છે; પિતાએ પ્રત્યક્ષ જોયું, ગુરૂના ઘરનું કેમ લેવાય? એવું તુલસાએ પૂછ્યું; બેન તુલસા! પ્રભુની ઇચ્છા હવે અહીંયાં રહેવાની નથી, જરૂર આપણે જવું પડશે. પદ્મનાભદાસે

જવાની તૈયારી કરી. ચાર દિવસના ખરચનો બંદોબસ્ત કર્યો. પ્રભુના કપોલ ઉપર હાથ ફેરવી અશ્રુ ઢાળી પૂછયું કે કૃપાનાથ આપની ઇચ્છા શ્રીવલ્લભાધીશને ત્યાં પધારવાની હોય તો સુખે પધારો; ત્યાં અનેક પ્રકારની સામગ્રીઓ તૈયાર છે. તે આરોગજો. પ્રભુએ કહ્યું કે મને તો તારૂંજ કરેલું બહુ ભાવે છે; હું તહારા ઉપર પ્રસન્ન છું, માટે તું કોઇ જાતની ફીકર કરીશ નહિ.

પ્રભુ તો ભાવના ભોગી, શવરી બોર આરોગી.
રિઝયા ભક્ત પ્રેમને યોગી, પ્રભુ તો ભાવના ભોગી.
ભાવે વિદુરની ભાજી, માગીને પ્રેમથી ખાધી.
સુદામાએય બડભાગી, પ્રભુ તાંદુલ લે માગી,
એવા ભક્ત પ્રેમને ધન ધન, એવા ભક્ત ભાવને ધન ધન.
એવા પ્રભુભક્તને ધન ધન, ધન્ય પદ્મનાભ હો ધન ધન.

એક દિવસ શ્રીમત્પ્રભુચરણના પ્રથમ પુત્ર શ્રીગિરિધરજી મહારાજશ્રીએ જ્યારે છપ્પનભોગનો મનોરથ કર્યો તે વેળાએ બુન્દીનું એક નંગ એક મણનું અને બરફીનું એક ચકતું લગભગ બે મણનું આવી આવી જુદી જુદી જાતની સામગ્રી સિદ્ધ કરી પ્રભુને ભોગ ધર્યો. શ્રીમથુરાંધીશને પ્રસન્નતા પૂર્વક અવલોકી શ્રીકપોલ ઉપર હાથ ફેરવી પૂછયું કે કૃપાનાથ કૈસો સ્વાદ? ત્યારે પ્રભુએ આજ્ઞા કરી કે જૈસો સ્વાદ પદ્મનાભદાસકે છોલામાં હતો એસો સ્વાદ યામે નાહિ. તે વખતે શ્રીગિરિધરજી મહારાજશ્રીના નેત્રમાંથી ગરગર અશ્રુધારા ચાલી. પ્રભુ આવા ભક્તના હિતેચ્છુ છે. ભક્તને આધિન છે. મધુમેવા પકવાન સહિત ભોગ ધરે ત્યાં પણ રાજભોગ કહેવાય અને નિષ્કંચન વૈષ્ણવને ત્યાં છોલાં આરોગે તેને પણ રાજભોગ કહેવાય. માટેઃ—

હૃદયે વસાવો, શ્યામ સુન્દરવર, ગોપીજન મનરંજન કરનારા.
સાતદિવસ ગિરિ કરપર ધાર્યો, ઇન્દ્રદેવનો ગર્વ ઉતાર્યો,
એવા પ્રભુ શ્રીગોવરધન ધર, ગોપીજન મનરંજન કરનારા:
રાસરસિક એ કુંજબિહારી, વનમાળા નિજ ઉરપર ધારી,
એવા કોટી મન્મથ મનહર, ગોપીજન મનરંજન કરનારા.

હવે પદ્મનાભદાસે એક નાવ ભાડે કરી તેમાં શ્રીમથુરાધીશને પધરાવ્યા. પોતાના સઘળા કુટુંબને નાવમાં બેસાડી શ્રીવલ્લભપ્રભુની પાસે વિદાયગીરી માગવા ગયા. બેચાર દિવસ ઉપયોગ લાગે તેટલી સામગ્રી આપી હતી તે પાછી પોંચાડી. શ્રીવલ્લભાધીશને દંડવત્ કર્યા; કૃપાનાથ હું જાઉં છું. શ્રીવલ્લભાધીશે પૂછ્યું કે પ્રભુ કયાં બિરાજે છે? કૃપાનાથ તેઓશ્રી નાવમાં બિરાજે છે; મને રજા આપો. શ્રીમદાચાર્યચરણે ઘણા સંકોચથી વિદાયગીરી આપી. જો સીધુ સામગ્રી પહોંચાડી નાહોત તો આ ભક્ત અહીંથી જાત નહિ.

ધુનઃ—જય જય મથુરેશ મનમોહન,
ચારો વૃન્દાવનમાં ગોધન.

વિદાયગીરી મેળવ્યા બાદ તેઓ કનોજ આવી પ્રભુની સેવા ભાવપૂર્વક કરવા લાગ્યા. એક દિવસે તેમની સ્ત્રીએ કહ્યું કે આપણી પાસે દેહના નિર્વાહ વાસ્તે કંઇપણ નથી, પ્રભુની સેવામાં ધનાદિકની જરૂર પડશે, માટે જો પુરોહિત વૃત્તિનો સ્વીકાર કરો તો સારૂં. પદ્મનાભદાસે તેમ કરવાની ચોખ્ખી ના પાડી, કદાચ ભીક્ષાવૃત્તિ કરૂં તો લોકો આપણા સંપ્રદાય ઉપર દુષણ મૂકે અને કહે કે પદ્મનાભદાસ એવા સંપ્રદાયમાં ગયા કે વ્યાસાસન મૂકી ભીખ માગવી પડી; એવું શા

વાસ્તે, આપણા શ્રી મથુરેશજી સર્વ કરવાને સમર્થ છે; વળી શ્રી વલ્લભાધીશ આજ્ઞા કરે છે કે प्रभुः सर्व समर्थो हि ततो निश्चिततां व्रजेत् । માટે

છોડી દ્યો આ જગની માયા, ભજી લ્યો શ્રી વલ્લભરાયા:
જીભે ન જાણ્યા શ્રી જગરાયા, તેને કલિના વાયરા વાયા:

વસ્ત્ર માટે વલ્કલ ઉપજાવ્યાં, અન્ન કાજ ફળ ફૂલ બનાવ્યાં:
નદી નાળાં પ્રભુએ સરજાવ્યાં, જીવજંતુને કાજ વસાવ્યાં:

વિશ્વંભર જગના કહેવાયે, ભક્ત દુઃખ કદિ નવ સંખાયે:
મુખે મથુરાંનાથ ઉચ્ચારો, વૃથા ચિંતા ઉરમાં નવ ધારો.

ભાગ્યશાળી! વસ્ત્રની અને અન્નની ચિંતાનો પરિત્યાગ કરી નિરંતર પ્રભુમાં પ્રેમ રાખો, શ્રી કૃષ્ણમાં પ્રેમ રાખવાથી દ્રૌપદીને પણ વસ્ત્રો અખૂટ થઈ પડયાં હતાં; શું એ તમારા જાણવામાં નથી? પ્રભુ વિશ્વંભર કહેવાય છે તે પોતાના ભક્તની ઉપેક્ષા કદિ નહી કરે, જેણે દાંત આપ્યા છે તેને ચાવણું આપવું જ પડશે, પ્રભુ ભુખ્યા ઉઠાડશે પણ ભુખ્યા નહિ સુવાડે. શું પારકાનું પોષણ કરનારાં વૃક્ષો ભિક્ષા નથી આપતાં! જરા વિચાર કરી વૃક્ષોની ભાવના વિચારો? તાઢ, તડકો સહન કરી માનવ જાતિને છાયા આપે છે; અને પત્થર મારવાથી ફળ આપે છે. માટે સાંભળ:—

मनरे तुं वृक्षनको मत ले
काटे तापर क्रोध करे नहि सींचे नाहिं सनेह ॥ १ ॥

जो कोई वापर पथर चलावे ताहीको फलदे ।
आप शीर पर धूप सहतहे ओरनकुं छाया सुख दे ॥२॥

धन धन जड ए परम पदारथ वृथा मनुष्यकी देह ।
सुरदास मन कर्म वचन करी भक्तनको मत एह ॥३॥

જળપાનને વાસ્તે પ્રભુએ જળાશયો યોજ્યાં. રહેવાને પર્વતની ગુફાઓ બનાવી. સમગ્ર જગતનું પાલન કરે તો પછી શરણાગતનું રક્ષણ કરે તેમાં આશ્ચર્ય શું? કે જેથી વસ્ત્રની, અન્નની, જળની, ઘરની અને શરીરના રક્ષણની આપણે ચિન્તા કરીએ. અન્નવસ્ત્રાદિકતો સહજ મળે છે; તોપણ વિદ્વાન લોકોએ ધનના દુષ્ટ મદથી આંધળા થએલા લોકોની ખુશામત શા માટે કરવી જોઇએ? સાધન સંપત્તિથી પ્રભુ પ્રસન્ન થતા નથી, કેવળ દીનતા વડેજ પ્રસન્ન થાય છે, માટે મ્હારી શિખામણ માની વૃથા ચિન્તાનો ત્યાગ કરો? પ્રભુ સર્વ કરવાને સામર્થ્યવાન્ છે. પતિનો ઉપદેશ શ્રવણ કરવો એ પતિવ્રતા સ્ત્રીનો ખાસ ધર્મ છે. પોતાના પતિનો હજુ વધારે ઉપદેશ સાંભળવાની જિજ્ઞાસા થઇ, તેથી વિનંતી કરી કે મને આપણા સંપ્રદાયના સિદ્ધાંત સમજાવો, ત્યારે પદ્મનાભદાસજીએ શ્રી ચતુઃશ્લોકી, સિદ્ધાંત રહસ્ય, નવરત્ન વગેરે ગ્રંથોમાંના કેટલાક સચોટ દૃષ્ટાંતા આપી સ્વમાર્ગીય સિદ્ધાંત સમજાવ્યા. પતિના ઉપદેશથી તે ઘણાં પ્રસન્ન થયાં. સેવારસમાં તલ્લીન થઈ ઘણા ઉમંગથી શ્રી મથુરાધીશજીની સેવા કરવા લાગ્યાં. એમ કરતાં કરતાં શ્રીવલ્લભાધીશના જન્મદિવસ આવ્યો. સેવ્ય પ્રભુને પોતાની દીકરી તુલસાને સોંપી અડેલ ગયાં. શ્રી વલ્લભાધીશનાં દર્શન કર્યાં. પદ્મનાભદાસજીએ ગાયું કેઃ—

केसरकी धोती पहेरे केसरी उपरना ओढे तिलक मुद्रा धर बेठे श्र लक्ष्मणभट्ट सुखधाम ॥ जन्मद्योस जान जान अद्-

श्रुत रुचि मान मान नख शीखकी शोभा उपर वारों कोटिक काम ॥ १ ॥ सुन्दर ताई निकाई तेज प्रताप अतुलताई आस· पास युवतीजन मील करतहें गुणगान । पद्मनाभ प्रभु विलोक श्रीगिरिवरधर वागधीश येही अवसर जे हुते ते महाभाग्यवान् ॥

શ્રી વલ્લભાધીશે કીર્તન સાંભલી છાતી સરસા દબાવ્યા. પદ્મનાભદાસજીને પોતાના આનંદનો પાર રહ્યો નહિ. આવાં આવાં અનેક કીર્તનો બનાવી તેઓ ગાવા લાગ્યા. તેમનાં બનાવેલાં ચાલીસ કીર્તનો મનોહર છે; તે ગાવાને સ્હેલાં અને સમજવાને કઠણ છે. કોઈક મહાનુભાવી સમજાવે તોજ સમજાય. સમય જતાં પદ્મનાભદાસનો પુત્ર ભગવત્સમીપ જવાથી માતાના મનમાં લૌકિક લાગણીથી ઘણું દુઃખ થવા લાગ્યું: પ્રભુએ લીલામાં તેમનો અંગીકાર કરેલો હોવાથી પ્રભુની સેવા સમયમાં પંખો કરતાં તેમની માતાએ દેખ્યો તેથી તેમનું દુઃખ નિવૃત્ત થયું. થોડા સમય પછી પદ્મનાભદાસજીનાં સ્ત્રી હરિશરણ થયાં, પોતે પણ અવસ્થાને લઈને અશક્ત થયા. પ્રભુને વિનંતી કરી કે કૃપાનાથ ઇચ્છા હોયતો અહેલ પધારો, મ્હારી તો આ દશા થઈ છે. પ્રભુએ આજ્ઞા કરી કે તમે સુખેથી મ્હારી લીલામાં આવો; તમારા કુટુંબમાં તુલસા, પાર્વતી, રઘુનાથદાસ છે તેમની પાસે સેવા કરાવીશ, મ્હારી પ્રસન્નતાથી શ્રીવલ્લભાધીશને ઘેર પધારીશ, તમોએ મ્હારી સેવા કરી છે તેથી હું ઘણો પ્રસન્ન થયો છું. **કંઈક તો શ્રી યશોદાજીને ઘેર સુખ ભોગવ્યું ને કાંઈક તો તમારે ત્યાં ભોગવ્યું.** પ્રભુએ પોતાની લીલાસામગ્રીનાં દર્શન કરાવ્યાં. દર્શન કરતાં કરતાં તે ભક્તશિરોમણી પધાર્યા. માટે.

જાગ્ય જાગ્ય મનુષ્ય દેહ નહિ મળે ફરી,
અન્યકાજ ત્યાગ ભજ તું શ્રીવલ્લભહરિ;
દારાગાર પુત્ર આમ, સર્વ વસ્તુ પ્રભુથી પ્રાપ્ત;
અર્પણ કર, ખુશીથી વર, ઉદયું ત્હારૂં ભાગ્ય—નહિ.
સેવા કરતું નિત્યનેમ, રાખશે પ્રભુ કુશળ ક્ષેમ;
મહાઉદાર, તારણહાર, પ્રસન્નતાનો લાભ—નહિ.

ક્યાં પદ્મનાભદાસની પંડિતાઈ, શ્રીભાગવત વૃત્તિનો મનથી પરિત્યાગ, વ્યાસાસનને છોડવું, વૈષ્ણવની દિક્ષા, નિઃસાધન થઈ પ્રભુની સેવા કરવી. આખું કુટુંબ જેમનું ભગવદીય, રામદાસના પ્રભુને રિઝવ્યા, મોગલ બાદશાહના હાથમાં પ્રભુ જવાથી અન્નજળનો ત્યાગ, સાત સાત દિવસ સુધી ભુખે તરસે આથડવું, વેપારીનો લુંટાયલી માલમીલ્કત માટે રાજાને ત્યાં મહાભારતનું વાંચવું, તેથી સંપાદન કરેલું દ્રવ્ય શાહુકારને આપવું, દીકરીના વિવાહમાં દૃઢ નિશ્ચય, ન્યાતજાતની પરવા વગર સનોડીયા બ્રાહ્મણ સાથે પુત્રીને પરણાવવી, પ્રભુ સેવા માટે સ્વયંપ્રકટ સ્વરૂપની માગણી એકાએક સ્વેચ્છાએ શ્રી યમુનાજીની વાલુકામાંથી પ્રકટ થએલા દિવ્ય સ્વરૂપે શ્રી મથુરાધીશજીનાં દર્શન, ઉત્કટ વિરહને લઇને પ્રભુનું બાલ્યસ્વરૂપ થવું, કુટુંબ સહિત પ્રભુની સેવા, નિષ્કંચનતાએ સર્વ સામગ્રીમાં મળેલી ચણાની દાળનો ઉપયોગ, વૈભવ મેળવવા સ્ત્રીની માગણી, શાંતીથી આપેલો સ્ત્રીને ઉપદેશ **શ્રીમથુરાધીશજીને** રીઝવવા,

આ બધું પ્રભુ ઇચ્છાની વાત છે. **શ્રીવિઠ્ઠલનાથ દિક્ષિતજી**ના ચોથા પુત્ર **શ્રીગોકુલનાથજી** શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં भक्तेषु ज्ञापिताशयः ની ટીકા કરતાં આજ્ઞા કરે છે કે अनन्या अन्तरंगा भक्ता पद्मनाभदासप्रभृतयो विरलास्तेषु ज्ञापितः आशयः ।

ધુન--જય જય મથુરેશ મનમોહન,
ચારે વૃન્દાવનમાં ગોધન.

સંપૂર્ણ.

મુદ્રકઃ ચીમનલાલ ઇશ્વરલાલ મ્હેતા
મુદ્રણસ્થાનઃ **વસંત મુદ્રણાલય**
ઘીકાંટારોડ, સિવિલ હૉસ્પિટલ સામે
અમદાવાદ.

॥ अथ श्रीमधुराष्टकम् ॥

अधरं मधुरं वदनं मधुरं
नयनं मधुरं हसितं मधुरम् ॥
हृदयं मधुरं गमनं मधुरं
मधुराधिपतेरखिलं मधुरम् ॥ १ ॥
वचनं मधुरं चरितं मधुरं
वसनं मधुरं वलितं मधुरम् ॥
चलितं मधुरं भ्रमितं मधुरं
मधुराधिपतेरखिलं मधुरम् ॥ २ ॥
वेणुर्मधुरो रेणुर्मधुरः
पाणिर्मधुरः पादौ मधुरौ ॥
नृत्यं मधुरं सख्यं मधुरं
मधुराधिपतेरखिलं मधुरम् ॥ ३ ॥
गीत मधुरं पीतं मधुरं
भुक्तं मधुरं सुप्तं मधुरम् ॥
रूपं मधुरं तिलकं मधुरं
मधुराधिपतेररखिलं मधुरम् ॥ ४ ॥
करणं मधुरं शमितं मधुरं
हरणं मधुरं रमणं मधुरम्

वमितं मधुरं शमितं मधुरं
मधुराधिपतेरखिलं मधुरम् ॥ ५ ॥

गुंजा मधुरा माला मधुरा
यमुना मधुरा वीची मधुरा ॥
सलिलं मधुरं कमलं मधुरं
मधुराधिपतेरखिलं मधुरम् ॥ ६ ॥

गोपी मधुरा लीला मधुरा
युक्तं मधुरं भुक्तं मधुरम् ॥
इष्टं मधुरं शिष्टं मधुरं
मधुराधिपतेरखिलं मधुरम् ॥ ७ ॥

गोपा मधुरा गावो मधुरा
यष्टिर्मधुरा सृष्टिर्मधुरा
दलितं मधुरं फलितं मधुरं
मधुराधिपतेरखिलं मधुरम् ॥ ८ ॥

इति श्रीवल्लभाचार्यविरचितं मधुराष्टकं समाप्तम् ॥ २२ ॥

મુદ્રણસ્થાન: વસંત મુદ્રણાલય ઘીકાંટા અમદાવાદ.
મુદ્રક: ચીમનલાલ ઇશ્વરલાલ મહેતા